ગાંધીનગર સમાચાર

શહેરના ખ-માર્ગ પર રોપાઓની જાળવણીના અભાવે સ્થાનિકોમાં રોષ






સ્વાભિમાન ધરણા - ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલ સ્વાભિમાન ધરણામાં રાજ્યભરમાંથી કોંગી કાર્યકરો ઉભરાયા હતા. ઓબીસી, એસસી, એસટી અનામત વર્ગના સમાજ માટે હકની માંગણી માટે યોજાયેલ ધરણામાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની નીતિઓની ઝાટકણી કાઢી હતી. કોંગ્રેસના વક્તાઓએ જુસ્સાદાર પ્રવચનોમાં ભાજપ પર આકરા પ્રહારો કરી કોંગ્રેસને આગામી વિધાનસભાની લડત માટે તૈયાર રહેવાનું પરોક્ષ એલાન પણ કર્યુ હતું. (તસવીર : દિપક જાની)

# ગુજરાત વિધાનસભાના કામકાજનો ૩૩ ટકા સમય નાણાંકીય કામકાજમાં ગયો છે

### પ્રશ્નોત્તરી પાછળ ૧૮.૯૧ ટકા સમય અને સરકારી વિધેયકો પાછળ ૧૫.૩૯ ટકા સમય ગયો

(પ્રકાશ જહા), ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાએ અત્યાર સુધી ૯૭૪૦ કલાક અને ૪૪ મિનિટ કામ કર્યુ છે. જે પૈકીના ૩૩.૭૭ ટકા અર્થાત ૩૨૮૯ કલાક અને ૪૨ મિનિટનો સમય નાણાંકીય કામકાજ પાછળ ખર્ચ્યા છે.

વિધાનસભામાં ૧૫૩૮ કલાક એ ૩૯ મિનિટ અર્થાત ૧૫.૩૯ ટકા સરકારી વિધયેકો પાછળ સમય વાપર્યો છે. જ્યારે બિનસરકારી સભ્યોના કામકાજ પાછળ ૧૧૭૦ કલાક અને ૫ મિનિટનો સમય અર્થાત ૧૨.૦૧ ટકા સમય વાપર્યો છે.

વિધાનસભા ગૃહમાં સૌથી વધુ ઉત્તેજીત ગણાતા પ્રશ્નોત્તરી સમય પાછળ ૧૯.૯૧ ટકા સમય અર્થાત્ ૧૮૪૨ કલાક ૧૩ મિનિટ સમય વાપર્યો છે. તો અન્ય કામકાજ પાછળ ૧૯૦૦ કલાક અને ૪૫ મિનિટ અર્થાત ૧૯.૫૧ ટકા સમય વાપર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત વિધાનસભામાં સાડા ત્રણ લાખ પ્રશ્નો ધારાસભ્યોએ રજુ કર્યા છે

### આ પૈકી ૧,૯૮,૮૮૨ પ્રશ્નો ચર્ચા માટે રજુ થયા હતા

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભામાં અત્યાર સુધીમાં પ્રજાના પ્રશ્નો ૩,૫૨,૨૯૧ રજુ કરવામાં આવ્યા છે જે પૈકી ૧,૯૮,૮૮૨ પ્રશ્નો દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૧,૫૩,૪૦૯ પ્રશ્નો નામંજૂર કરવામાં આવ્યા છે.

પ્રથમ વિધાનસભાથી ૧૩મી વિધાનસભાની તવારિખી પર નજર કરીએ તો સૌથી વધુ પ્રશ્નો સાતમી વિધાનસભામાં ૪૨૯૩૦ રજુ થયા હતા. જે પૈકી ૨૦૮૨૨ દાખલ થયા હતા અને તેના ઉત્તરો અપાયા હતા.

આ પછી બીજા ક્રમે ૧૨મી વિધાનસભા આવે છે જેમાં ૩૮,૭૬૬ પ્રશ્નો સભ્યોએ રજુ કર્યા હતા જે પૈકી ૨૬,૩૭૬ પ્રશ્નો દાખલ થયા હતા અને ૧૩,૩૯૦ પ્રશ્નો નામંજૂર થયા હતા. ત્રીજા ક્રમે ૮મી વિધાનસભા આવે છે જેમાં ૩૭,૯૨૬ પ્રશ્નો રજુ થયા હતા અને જે પૈકી ૧૯,૮૭૫ દાખલ થયા હતા અને ૧૮૦૫૧ પ્રશ્નો નામંજૂર થયા હતા.

સૌથી ઓછા પ્રશ્નો પ્રથમ વિધાનસભામાં રજુ થયા હતા. જેની સંખ્યા ૨૫૩૦ છે. જે પૈકી ૧૮૨૬ પ્રશ્નો દાખલ થયા હતા અને ૭૦૪ પ્રશ્નો નામંજૂર થયા હતા. આ પછી બીજી વિધાનસભામાં ૧૪૭૬૫ પ્રશ્નો રજુ થયા હતા અને ૭૮૮૮ દાખલ થયા હતા જ્યારે ૬૮૭૭ નામંજૂર થયા હતા.

# વિધાનસભા સંકુલ રોશનીથી ઝળહળ્યું



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભા સંકુલ અત્યારે ફૂલ-છોડથી સુશોભિત બની અને નવા રૂપરંગ ક્લેવર સાથે સ્પીકર્સ કોન્ફરન્સ માટે સજ્જ બની ચુક્યુ છે.

દેશની ૭૮મી સ્પીકર્સ કોન્ફરન્સ પ્રસંગે સંવિધાન સભાની કેટલીક દુર્લભ તસ્વીરો સાથે એક ખાસ પ્રદર્શન પણ લોકસભા સચિવાલય દ્વારા તૈયાર કરવામાં આવી રહ્યુ છે તેમાં ઘણી બધી સંસદીય લોકશાહીની વણકથી વાતો વણી લેવામાં આવી છે.

દેશમાં સંસદીય લોકશાહીની સ્થાપના અને તેના વિકાસની ઝાંખી કરાવતુ આ પ્રદર્શન લોકસભાના અધ્યક્ષા સુશ્રી સુમિત્રા મહાજન ૨૨મીએ ખુલ્લુ મુકવાના છે.

દેશભરમાં સંવિધાનની ૫૦મી વર્ષ ગાંઠ તાજેતરમાં જ ઉજવાઈ તેના અનુસંધાને આ પ્રદર્શન હવે ગાંધીનગર ખાતે પણ સ્પીકર્સ કોન્ફરન્સને લઈ ઉભુ કરવામાં આવી રહ્યું છે.

વિધાનસભા સંકુલના પ્રથમ મજલે આ પ્રદર્શન રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. સંવિધાનસભાની કેટલીક મહત્વની વાતો સંવિધાનસભાના સભ્યોની સહિઓ સાથેનો મુદ્રાલેખ પણ આ પ્રદર્શનમાં રજુ થનાર છે.

વિધાનસભા સંકુલમાં રેડ કાર્પેટ બિછાવવામાં આવી છે તેમજ ફૂલોની નગરી તરીકેની છાપ ઉપસે તે માટે એક હજારથી પણ વધુ ફૂલછોડના કુંડા મુકી આગવુ સુશોભન કરવામાં આવ્યું છે.

વિધાનસભા ખાતે ખાસ નવી વ્યવસ્થાઓ પણ કામચલાઉ રીતે ઉભી કરવામાં આવી છે તેમજ લોકસભા સચિવાલયની ખાસ શાળા પણ શરૂ કરવામાં આવી છે.

વિધાનસભા સંકુલમાં બેઠક વ્યવસ્થા પણ વિશેષ કરવામાં આવી છે. આ ઉપરાંત વિધાનસભાના પ્રવેશદ્વાર પર ખાસ કમાનો પણ ઉભી કરવામાં આવી છે.

## સ્પીકર્સ કોન્ફરન્સને પગલે પોલીસનો ચાંપતો બંદોબસ્ત

ગાંધીનગર, તા. ૨૦

**દાંડીકુટીર, વિધાનસભા, સ્વર્ણીમ સંકુલ, મહાત્મા મંદિર અને એરપોર્ટ-ગાંધીનગર રૂટ પર પોલીસનો લોખંડી પહેરો**

ગાંધીનગર ખાતે યોજાનાર સ્પીકર્સ કોન્ફરન્સને પગલે લોકસભાના મુખ્ય સ્પીકર સુપ્રિયા મહાજનથી માંડીને દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર સાશિત પ્રદેશોના વિધાનસભાના સ્પીકર ગાંધીનગર આવશે. તમામ વીવીઆઈપીઓની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખીને ગાંધીનગરમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દાંડી કુટીર, વિધાનસભા, સ્વર્ણીમ સંકુલ, મહાત્મા મંદિર અને એરપોર્ટ-ગાંધીનગર રૂટ પર ખાસ પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો છે.

વિધાનસભા સંકુલમાં એક ડિવાયએસપી, ત્રણ પીઆઈ, ૧૦ પીએસઆઈ, ૫૦ પોલીસ, ૧૮ મહિલા પોલીસ, ૧૫ કમાન્ડો અને ૧૩ ટ્રાફીક જવાનો તૈનાત રહેશે. દાંડીકુટીર ખાતે એક એએસપી, બે પી.આઈ., ચાર પીએસઆઈ, ૨૩ પોલીસ જવાન, ૭ મહિલા પોલીસ અને ચાર ટ્રાફિક પોલીસ ગોઠવી દેવાશે. જ્યારે મહાત્મા મંદિર ખાતે બે ડીવાયએસપી, ૫ પીઆઈ, ૧૫ પીએસઆઈ, ૧૫૦ પોલીસ જવાન, ૨૦ મહિલા પોલીસ, ૨૮ કમાન્ડો અને ૧૮ ટ્રાફિક જવાનો ખડેપગે રહેશે. સ્વર્ણીમ સંકુલમાં એક ડીવાયએસપી, ત્રણ પીએસઆઈ, ચાર મહિલા પોલીસ, ઉપરાંત એલસીબી અને એસઓજીની ગાંધીનગરની ટીમ તૈનાત રહેશે.




ગ્રામીણ રમતોત્સવ - સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પટાંગણમાં રાષ્ટ્રીય ગ્રામીણ ખેલ પ્રતિયોગિતાનો પ્રારંભ બુધવારે ઉલ્લાસના વાતાવરણમાં યોજાયો હતો. જુનિયર હોકી, કબડ્ડી, ખોખોની આંતરરાજ્ય ટુર્નામેન્ટનો પ્રારંભ માર્ચપાસ્ટ અને પ્રતિજ્ઞા વાંચનથી થયો હતો... ખેલદિલીનું ઉદ્દગમ કેન્દ્ર એટલે ખેલ... ભારતીય રમતોની વિશેષતા છે કે સ્પર્ધાત્મક ભાવ સાથે પણ ખેલદિલીના માહોલમાં રમત રમાય... ચાહે હોકી હોય કે ખોખો... કબડ્ડી હોય કે વૉલીબોલ હોય... ભારતીય સાંઘીક રમતો દ્વારા સમુહ જીવનના પાઠ શીખવાય છે... આવો જ સુંદર આંતરરાજ્ય રમતોત્સવ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના યજમાન પદે ગાંધીનગરના આંગણે આરંભાયો છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરના ખ-માર્ગ પર રોપાઓની જાળવણીના અભાવે સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૨૦

**રોપાઓની વાવણી બાદ વન તંત્ર દ્વારા પાણી પણ ન અપાતા વૃક્ષો ઉછેર પહેલા જ સુકાઈ રહયા છે**

શહેરના ખ માર્ગ પર યોગ્યા જાળવણીના અભાવે વૃક્ષો સુકારાનો ભોગ બન્યા હોવાનો આક્રોશ પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રબળ બન્યો છે. નગરને વધુ હરિયાળુ બનાવવા અગાઉ વન વિભાગ દ્વારા આ ઠેકાણે રોપાઓનુ વાવેતર કરવામાં આવ્યુ હતુ.પરંતુ રોપાઓના વાવેતર બાદ યોગ્ય જાળવણી ન થતા તેના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા માર્ગ પર વૃક્ષોની માવજત ન થતા સ્થાનિક રહીશો રોષ ઠાલવી રહયા છે.

શહેરમાં વિકાસ કામોની હારમાળાની સાથે રોડનેટવર્ક અપગ્રેડ કરવાની કામગીરી અન્વયે સેંકડો વૃક્ષોની કટોતી કરવામાં આવે છે. વિકાસના નવા આયોમો વચ્ચે શહેરના હજારો વૃક્ષોનો ઘાણ વળી ગયો છે. ગત ચોમાસા દરમિયાન પણ અનેકવૃક્ષો ધરાશાયી થતા હરિયાળીનો સોથ વળી ગયો હતો. એકબાજુ ગ્રીનસીટીની આગવી ઓળખ સામે ખતરો મંડરાયો છે વૃક્ષોની કટોતીની સામે નવા રોપાઓના ઉછેર અંગે વન વિભાગ તેમજ નાગરિકો વધુ જાગૃત થાય તેની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં પ્રતિવર્ષ લક્ષ્યાંક મુજબ રોપાઓની

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિરના કેબલ સ્ટેટ બ્રિજના કામ માટે ચાઈનાના એન્જિનિયરની ટીમ આવી

ગાંધીનગર તા ૨૦

**નમુનારૂપ કેબલ સ્ટેડ બ્રિજમાં કેબલ ફીટ કરવામાં આવી રહયા છે : બ્રિજના નિર્માણ માટે કેબલ પણ ચાઇનાથી મંગાવાયા છે**

મહાત્મા મંદિરના હાઈપ્રોફાઈલ સંકુલને ધ્યાને લઈ માર્ગ મકાન વિભાગ દ્વારા હાલ ખ-૪ પાસે કેબલ સ્ટેડબ્રીજ બનાવવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ બ્રિજના નિર્માણ માટે ખાસ ચાઈનાથી કેબલ મંગાવાયા છે. જયારે હાલ બ્રિજમાં કેબલનુ કામ કરવા માટે ચાઈનાથી ખાસ એન્જિનિયર તેમજ ટેકનિશિયન્સની ટીમ ગાંધીનગર આવી છે. સમગ્ર દેશમાં આ બ્રિજ નમુનારૂપ બનશે.

મહાત્મા મંદિરથી દાંડી કુટીરને જોડવા માટે ખ માર્ગ પર ખ-૪ વિસ્તારમાં કેબલ સ્ટેડ બ્રિજનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે. આ બ્રિજના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૩૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે કેબલ સ્ટેડ બ્રિજ તૈયાર કરવાનુ કામ છેલ્લા ૬ મહીનાથી ચાલી રહયુ છે. હાલ આ બ્રિજ માટે ચાઈનાથી કેબલ મંગાવાયા છે. ચાઈનાથી મુંબઈ અને ત્યાંથી ગાંધીનગર કેબલ સીફટ કરવામાં આવ્યા બાદ બ્રિજમાં કેબલનુ કામ ચાલી રહયુ છે. કેબલ સ્ટેડ બ્રિજમાં કેબલ ફીટ કરવા માટે ખાસ ચાઈનાથી એન્જિનિયર તેમજ ટેકનિશિયન્સની ટીમ પણ આવી છે. હાલ આ ટીમ દ્વારા બ્રિજમાં કેબલ ફીટ કરવાનુ કામ હાથ ધરાયુ છે. બ્રિજની કામગીરીને અનુલક્ષી ખ માર્ગ ઉપરનો સ્લેબ ભરાઈ ગયો છે. આ ઉપરાંત આ જગ્યાએ વિન્ડ ટર્બાઈન પણ મુકવામાં આવશે.૮૦ મીટરની ઉંચાઈએ વિન્ડ ટર્બાઈનના આધારે ચરખાનુ પ્રતિક ઉપસી આવશે. જયારે તેના આધારે ઉર્જા પણ ઉત્પન્દ થશે. જેનો ઉપયોગ મહાત્મા મંદિરમાં કરવામાં આવશે. હાલ બ્રિજમાં કેબલનુ કામ ચાલી રહયુ છે. ત્યારે રાજયમાં આ પ્રથમ નમુનારૂપ બ્રિજ બનશે. તેમ પણ મનાઈ રહયુ છે. જો કે બ્રિજનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગશે.

# આર.ટી.ઓ. કચેરીની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવા માંગ

ગાંધીનગર તા ૨૦

**અગાઉ પણ જગ્યા ફાળવવા માટે વન વિભાગને પત્ર લખવામાં આવ્યો હતો**

શહેરના ગ માર્ગ પર સ્થિત નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. આર ટી ઓ કચેરીના સંકુલમાં રોજબરોજ વાહનોનો ખડકલો થાય છે. ત્યારે આડેધડ પાર્ક થતા વાહનોના લીધે અરજદારોએ પારવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે ત્યારે અમદાવાદના અરજદારોને પણ નગરની આર ટી ઓ કચેરીમાંથી લાઈસન્સ ઈસ્યુ કરવા માટેની વ્યવસ્થા ગોઠવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આવા સંજોગોમાં આર ટી ઓ કચેરીની પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ કરવાની તાતી અનિવાર્યતા ઉભી થઈ છે. પાર્કીંગ માટે નવી જગ્યા ફાળવવા માટે કલેકટરને પણ ટુંકમાં પત્રના માધ્યમથી રજુઆત કરવામાં આવશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. નવી હાઈટેક આર ટી ઓ કચેરી અસ્તિત્વમાં આવ્યા બાદ અરજદારોની અવરજવર વધી ગઈ છે. વાહનોની નોંધણી તેમજ લાઈસન્સ સહિતની કાર્યવાહી માટે રોજબરોજ મોટી સંખ્યામાં મુલાકાતીઓ આર ટી ઓ કચેરીમાં આવે છે.પરંતુ આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ માટે પર્યાપ્ત જગ્યા ન હોવાના

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com